| | |
|---|---|
| રજુ તારીખ : | ૦૭.૦૮.૨૦૧૦ |
| દાખલ તારીખ : | ૦૭.૦૮.૨૦૧૦ |
| ફેંસલ તારીખ : | ૨૮.૦૨.૨૦૧૯ |
| અવધિ : વર્ષ : માસ : દિવસ : | |

ભાવનગરનાં મહે. પ્રીન્સીપાલ ડીસ્ટ્રીકટ જજ સાહેબની કોર્ટમા,

રેગ્યુલર દિવાની અપીલ નં.૩૫/૨૦૧૦

આંક :

નિર્મળભાઈ વાલજીભાઈ ગોહીલ,
ઉ.વ.આ.૫૪, ધંધો–દરજીકામ,
ઠે.પીપળાવાળી શેરી,
વલ્લભીપુર,
જી.ભાવનગર. .....અપીલવાળા

વિરૂધ્ધ

(૧) વશરામભાઈ વાલજીભાઈ ગોહીલ,
ઉ.વ.આ.૬૨, ધંધો–નોકરી,
ઠે.સી.૯, પહેલે માળે, મિતલ એપાર્ટમેન્ટ,
જીવરાજપાર્ક રોડ, અમદાવાદ.

(૨) ગુ.નર્મદાબેન વાલજીભાઈના વારસો
(અ) અનીલાબેન જગદીશભાલ પરમાર
ઉ.વ.આ.પુખ્ત, કીશનનગર,બ્લોક નં.૧૦૭,
મુલુંડ ચેક નાકા, મુલુંડ–૮૦
(બ) મુળીબેન ભૂપતરાય સોલંકી,
ઉ.વ.આ.પુખ્ત, ધંધો–ઘરકામ,
ઠે.પોપ્રાસવાડી કોર્નર, માનપાડા રોડ,
ડોંબીવલી(ઈસ્ટ) મુંબઈ
(ક) શારદાબેન બળવંતરાય વાઘેલા,
ઉ.વ.આ.૬૯, ધંધો–નિવૃત,
કાળીયાબીડ, નંદનવન,
ભાવનગર. ...સામાવાળા

| | |
|---|---|
| અપીલવાળા તરફે : | વિદ્વાન વકીલ શ્રી ડી.એસ.ત્રિવેદી |
| સામાવાળા તરફે : | વિદ્વાન વકીલશ્રી ડી.એ.દવે |

**–: ચુ કા દો : –**

**(૧) અપીલવાળાએ હાલની અપીલ વલ્લભીપુરના મહે. પ્રિન્સીપાલ સીવીલ જજ સાહેબના રે.દિવાની કેસ નં.૧૨/૨૦૦૫ ના કામે આપેલ તા.૦૯/૦૭/૨૦૧૦ ના ચુકાદા વિરૂધ્ધ દાખલ કરેલ છે. આ કામના અપીલવાળા નીચેની અદાલતના દાવાના કામમાં મુળ પ્રતિવાદી નં.૧ છે અને અપીલના સામાવાળા નં.૧ દાવાના કામમાં મુળ વાદી છે તથા સામાવાળા નં.૨ (અ),(બ) તથા (ક) મુળ દાવાના કામે પ્રતિવાદી નં.૨ (અ),(બ) તથા (ક) છે. જેમને હવે પછી વાદી તથા પ્રતિવાદી તરીકે ઉલ્લેખવામાં આવેલ છે. હાલની અપીલની ટુંકમા હકીકત અપીલ મેમોમાં જણાવ્યા મુજબ એવી છે કે, આ કામના વાદી તથા પ્રતિવાદી નં.૧ બંને સગા ભાઈ થાય છે અને ગુજરનાર પ્રતિવાદી નં.૨ તેઓના માતુશ્રી થતા હતા અને પ્રતિવાદી નં.૨ (અ),(બ) તથા (ક) તેમના બહેનો થાય છે. તેઓના ગુજ. પિતાશ્રી વાલજીભાઈ રુડાભાઈ તા.૦૨/૦૧/૧૯૮૨ ના રોજ કોઈપણ જાતના વીલ કે વસિયત કર્યા વગર અવસાન પામેલ. વધુમાં અપીલમેમોમાં જણાવેલ છે કે, વાદી અને પ્ર તિવાદી નં.૧ ઉપરાંત મૂળીબેન ભૂપતરાય તથા અનીલાબેન જગદીશભાઈ ગુજરનાર વાલજીભાઈ રુડાભાઈના વારસો છે પરંતુ તેઓએ વાદી તથા પ્રતિવાદી નં.૧ ની તરફેણમા હકક જતો કરેલ હોય તેઓને પક્ષકાર તરીકે દાવામાં જોડેલ નહી. વાદી તથા પ્રતિવાદી નં.૧ ના કુટુંબો ૧૯૮૧ ની સાલથી અલગ રહે છે. વાદી તથા પ્રતિવાદી નં.૧ ના પિતાશ્રી વાલજીભાઈ રુડાભાઈની એક વડીલોપાર્જીત રહેણાકનું મકાન ગામ વલ્લભીપુરમાં જે સીટી સર્વે નં.૨૮૯૨ ચો.મી.૭૫.૮૬ ધરાવે છે તેમજ એક દુકાન જેનો સીટી સર્વે નં.૨૩૧૩ ચો.મી.૧૩.૦૫ છે. ઉપરાંત ગુજ.વાલજીભાઈ રુડાભાઈના સોના ચાંદીના ઘરેણા, વાસણો,સિલાઈ મશીન, એમ્બ્રોડરી મશીન વિગેરે ધરાવતા હતા અને તે તમામમાં વાદી નો હકક હોવાનું અને તે અન્વયે ગુજરનારે કોઈ વીલ કે વસીયત કર્યા વિના ગુજરી ગયેલ. વધુમાં જણાવેલ છે કે, પ્રતિવાદી નં.૨(ક) શારદાબેને પણ વાદી તથા પ્રતિવાદી**

નં.૧ ના પક્ષમાં હકક જતો કરેલ છે અને તેજ રીતે માતા નર્મદાબેને પણ વાદી તથા પ્રતિવાદી નં.૧ ના પક્ષમાં હકક જતો કરેલ તેમ જણાવી ઉપરોકત વડીલોપાર્જીત રહેણાક મકાન તથા દુકાનમાં ૧/૨ હીસ્સાની માંગણી કરી વાદીએ નીચેની અદાલતમાં રે.દિ.કેસ નં.૧૨/૦૫ નો દાખલ કરેલ. જે દાવો નીચેની અદાલત દવારા તા.૦૯/૦૭/૧૦ ના રોજ અંશતઃ મંજુર કરતા, મુળ પ્રતિવાદી નં.૧ નાએ નીચેની અદાલતના હુકમથી નારાજ થઈ હાલની અપીલ કરેલ છે.

(૨).. હાલના અપીલાવાળાએ તેમની અપીલના કારણોમાં જણાવેલ છે કે, નીચેની કોર્ટનો ઠરાવ ખરો અને કાયદેસર નથી અને કાયદા તથા કુદરતી કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંત વીરુધ્ધ હોય રદૃ કરવા તેમજ નીચેની કોર્ટ દવારા વાદી વશરામભાઈ વાલજીભાઈની આંક–૪૧ થી થયેલ જુબાની યોગ્ય રીતે લક્ષમાં લીધેલ નથી. તેમની ક્રોસ જોતા તેમણે સ્પષ્ટ કબુલ કરેલ છે કે, ૧૯૮૨–૮૩ માં વિભાજનની માંગણી કરી ત્યારે પ્રતિવાદી નં.૧ ના પાડેલી. આ હકીકત સ્પષ્ટ રીતે જણાવે છે કે, ૧૯૮૨–૮૩ થી ૧૨ વર્ષમાં વાદીએ પ્રતિવાદી નં.૧ સામે કોઈ દાવો દાખલ કરેલ નથી તેથી ધી લીમીટેશન એકટ આર્ટીકલ ૧૧૦ મુજબ રે.દિવાની કેસ નં.૧૨/૨૦૦૫ મુદત બહારનો છે અને તેમ છતા નીચેની અદાલતે આ હકીકત માનવામાં ભુલ કરેલ છે. વાદી ૧૯૭૦ ની સાલથી સરકારી નોકરીમાં હતા અને તેમનુ કુટુંબ અલગ રહેતુ હતુ અને તેમનુ રેશનકાર્ડ પણ ૧૯૮૦ થી અલગ હતુ જે હકીકત સ્પષ્ટ જણાવે છે કે, વાલજી રુડાથી વાદી પ્રતિવાદી નં.૧ સને–૧૯૮૦ ની સાલથી અલગ રહેતા હતા. વાદીએ સ્પષ્ટપણે એ હકીકત ખરી હોવાનુ જણાવેલ છે કે, ૧૯૮૦ મા તેમના પિતા હયાત હતા અને તેમની હયાતીમાં બંને ભાઈઓ અલગ થઈ ગયેલા. આ હકીકત માનવામાં નીચેની કોર્ટે ભુલ કરેલ છે અને તે રીતે આંક–૪૧ ની મહત્વની જુબાનીનુ અર્થઘટન કરવામાં નીચેની કોર્ટે ભુલ કરેલ. તેમજ આંક–૫૨ થી આંક–૬૦ સુધીનો દસ્તાવેજી પુરાવો યોગ્ય રીતે મુલવવામા આવેલ નથી. આંક–૭૯ થી સાહેદ જેરામ રામજીનો પુરાવો પણ યોગ્ય રીતે મુલવવામાં આવેલ નથી. નીચેની કોર્ટ દવારા આંક–૩૮ થી જે મુદૃા કાઢેલ છે તેમાં મુદા નં.૧ થી ૩ હકારાત્મક ઠરાવવામાં નીચેની કોર્ટે ભુલ કરેલ છે. પડેલ દસ્તાવેજી પુરાવા અને મૌખિક પુરાવા

વીરુધ્ધ મુદા નં.૧ થી ર નો નિર્ણય કરેલ છે જે રદૃ કરવા અરજ કરેલ છે. નીચેની કોર્ટ દવારા મુદા નં.૫,૬,૭ નકારાત્મક ઠરાવેલ છે જે હકીકત સ્પષ્ટ રીતે જણાવે છે કે, પ્રતિવાદી નં.૧ એ રજુ કરેલ જવાબ આંક–ર૧ તથા આંક–૫૯ માં લખેલ હકીકત સત્ય અને ખરી છે. તેમજ મુદા નં.૮ મા આંશિક ખોટો ચુકાદો આપેલ છે. પ્રતિવાદી નં.૧ની જુબાની નીચેની કોર્ટે યોગ્ય રીતે લક્ષમાં લીધેલ નથી. તેમજ મુદા નં.૯ નો ચુકાદો યોગ્ય અને કાયદેસર નથી. ખરી રીતે ધી લીમીટેશન એકટ આર્ટીકલ ૧૧૦ મુજબ ચુકાદો આપવો જોઈતો હતો. પ્રતિવાદી નં.૧ની આંક–૫૯ ની જુબાનીથી પણ એ વાત ફલીત થાય છે કે, ૧૯૮ર–૮૩, ૮૪–૮૫ માં અલગ થવા માટે માંગણી કરેલી અને પ્રતિવાદીએ ના પાડેલી. એટલે ૧૯૮ર માં મોડામાં મોડો દાવો દાખલ કરવો જોઈતો હતો તેના બદલે વાદીએ સ્પે.દિ.કેસ નંબર–૩૦૧/૧૦ તથા રે.દિ.કે.નં.૧ર/૦૫ ઘણા મોડા દાખલ કરેલ છે તેથી વાદીના દાવાને મુદતનો બાધ નડે છે તેવુ ઠરાવવુ જોઈતુ હતુ અને તેમ નહી માની નીચેની કોર્ટે ભુલ કરેલ છે. મુદા નં.૧૦ માં જણાવેલ હકીકત એ છે કે, મુળ વાદીએ દાવો દાખલ કર્યો ત્યારે પક્ષકારોની ખામી હતી અને ચાલુ દાવા અરજીમાં સુધારો કરેલ છે એટલે કે તે સુધારો ૧ર વર્ષ પછી દાવો દાખલ કરવાની મુદત વિતી ગયા પછી કરેલ છે જેથી મુળ વાદીનો દાવો મુદત બહાર છે. આમ, ઉપરોકત હકીકતો લક્ષમા લઈ અપીલની આખરી સુનાવણી વખતે અપીલવાળા મૂળ પ્રતિવાદી જે જે હકીકતો, રજુઆત કરે તે તમામ લક્ષમાં લઈ વલ્લભીપુરના મહે. પ્રિન્સીપાલ સીવીલ જજ સાહેબે રે.દિ.કેસ નં.૧ર/ર૦૦૫ માં તા.૦૯/૦૭/ર૦૧૦ ના રોજ કરેલ ઠરાવ તથા હુકમનામુ રદૃ કરી અપીલ મંજુર કરવા અરજ કરેલ છે.

(ર.૧).. અપીલના કામે રીસ્પોન્ડન્ટ નં.૧ એટલે કે મુળ વાદીએ લેખીત દલીલ આંક–૩૩ થી રજુ કરેલ છે. જેમા મુખ્યત્વે એવી તકરાર લેવામાં આવી છે કે, અપીલવાળાની અપીલ કાયદાકીય જોગવાઈ વીરુધ્ધની છે તથા નીચેની અદાલત દવારા રે.દિવાની કેસ નં.૧ર/ર૦૦૫ ના કામે આપવામાં આવેલ જજમેન્ટ અને તારણો બંને પક્ષકારોનો પુરાવો લીધા બાદ કાયદેસર રીતે હુકમનામુ આપેલ છે જે નીચેની અદાલતે તેના જજમેન્ટના પેરા નં.૧૩ થી ર૬ માં સ્પષ્ટ કારણો દર્શાવી અપીલવાળા મુળ

પ્રતિવાદી નં.૧ નિર્મળભાઈ વાલજીભાઈ ગોહેલની રજુઆતો માન્ય રાખેલ નથી. આમ, રીસ્પોન્ડન્ટ નં.૧ નીચેની અદાલત દવારા આપેલ હુકમ તથા હુકમનામાને યોગ્ય ઠેરવી તેમાં હસ્તક્ષેપ ન કરવા રજુઆત કરેલ છે.

(૩).. આ કામે નીચેની અદાલતનુ રે.દિવાની કેસ નં.૧૨/૨૦૦૫ મંગાવવામા આવ્યુ. તેમજ નીચેની અદાલતનો જે હુકમ છે તે વંચાણે લેવામા આવેલ છે. અપીલાવાળાના વિ.વ.શ્રીએ આંક–૩૨ થી રજુ કરેલ લેખીત દલીલ તથા આંક–૩૩ થી અપીલના સામાવાળાના વિ.વ.શ્રીએ રજુ કરેલ લેખીત દલીલો વંચાણે લીધી.

(૪).. <u>સદર અપીલના નીકાલ અર્થે નીચે મુજબના મુદાઓ ઉપસ્થિત થાય છે.</u>

૧. શું અપીલવાળા સાબીત કરે છે કે, રે.દિવાની કેસ નં.૧૨/૨૦૦૫ ના કામે પ્રિન્સીપાલ સીવીલ જજશ્રી, વલ્લભીપુરનાઓએ કરેલ હુકમ ખોટો, ગેરકાયદેસર અને કાયદાની જોગવાઈ વિરુધ્ધનો છે ?

૨. શું રે.દિવાની કેસ નં.૧૨/૨૦૦૫ ના કામે પ્રિન્સીપાલ સીવીલ જજશ્રી વલ્લભીપુરનાઓએ તા.૦૯–૦૭–૨૦૧૦ ના રોજ કરેલ હુકમમા હસ્તક્ષેપ કરવો જરૂરી છે ?

૩. શું હુકમ ?

(૫).. ઉપરોકત મુદ્દાના જવાબો અને તેના કારણો નીચે મુજબ છે.

૧. નકારમા

૨. નકારમાં

૩. છેવટના હુકમ મુજબ.

<u>–: કા ર ણો :–</u>

<u>મુદ્દા નં. ૧ અને ૨ :</u>

(૬).. સદર અપીલના કામે વાદી દવારા દાખલ કરવામા આવેલ રે.દિવાની કેસ નં.૧૨/૨૦૦૫ દાવાની હકીકત એવા પ્રકારની છે કે, વાદી વશરામભાઈ વાલજીભાઈ

ગોહેલે નીચેની અદાલતમાં દાવો તેમના માતુશ્રી તેમજ ભાઈ અને બહેન સામે લાવી સંયુકત કુટુંબની મીલકતની વહેચણી અંગેની તેમજ કાયમી મનાઈ હુકમની માંગણી કરેલ અને એવી રજુઆત કરેલ કે, મુળ દાવાના કામના પ્રતિવાદી નં.૧ નિર્મળભાઈ તેમના ભાઈ છે અને પ્રતિવાદી નં.ર નર્મદાબેન વાલજીભાઈ તેમના માતુશ્રી છે અને પ્રતિવાદી નં.ર (અ),(બ) તથા (ક) વાદીની બહેનો છે. તેમના ગુજ.પિતાશ્રી વાલજીભાઈ રુડાભાઈ ગોહેલ તા.૦ર/૧ર/૧૯૮ર ના રોજ કોઈપણ જાતના વીલ કે વસીયત કર્યા વગર અવસાન પામેલ છે અને વાદી પ્રતિવાદી ઉપરાંત મુળીબેન ભુપતરાય તથા અનીલાબેન જગદીશભાઈ ગુજરનાર વાલજીભાઈ રુડાભાઈના વારસો છે પરંતુ તેઓએ વાદી અને પ્ર તિવાદી નં.૧ ની તરફેણમાં હકક જતા કરેલ હોય, માટે તેમને પ્રથમ પક્ષકાર તરીકે જોડવામાં આવેલ નહી. વાદી તથા પ્રતિવાદી નં.૧ નુ કુટુંબ સને–૧૯૮૧ ની સાલથી અલગ રહેતા હતા. વાદી સંયુકત કુટુંબના વલ્લભીપુર મુકામે આવેલ મકાનના ઉપરના માળે અને પ્રતિવાદી નં.૧ નીચેના ભાગે રહેતા હતા. વાદી તથા પ્રતિવાદીના પિતાશ્રી વાલજીભાઈ રુડાભાઈની એક વડીલોપાર્જીત રહેણાકનું મકાન ગામ વલ્લભીપુરમાં જે સીટી સર્વે નં.ર૮૯ર ચો.મી.૭પ.૮૬ ધરાવે છે તેમજ એક દુકાન જેનો સીટી સર્વે નં.ર૩૧૩ ચો.મી.૧૩.૦પ છે. ઉપરાંત ગુજ.વાલજીભાઈ રુડાભાઈના સોના ચાંદીના ઘરેણા, વાસણો,સિલાઈ મશીન, એમ્બ્રોડરી મશીન વિગેરે ધરાવતા હતા અને તે તમામમાં વાદીનો હકક હોવાનું અને તે અન્વયે ગુજરનારે કોઈ વીલ કે વસીયત કર્યા વિના કે કોઈ લખાણથી કે મૌખિક રીતે વારસાઈ હકકની વહેચણી કરેલ નથી. તેમ જણાવી વધુમાં જણાવેલ છે કે, શારદાબેન તેમજ તેમની માતા નર્મદાબેને વાદી તથા પ્રતિવાદી નં.૧ ની તરફેણમાં તેમનો હકક મૌખિક રીતે જતો કરેલ છે. તેમ જણાવી ઉપરોકત મુજબની વડીલોપાર્જીત રહેણાકનુ મકાન તથા દુકાન જે વલ્લભીપુર મુકામે આવેલ મીલકતમાં વાદીનો ૧/ર હીસ્સો (અડધો ભાગ)રહેલો છે અને પ્રતિવાદી નં.૧ નો તે પ્રમાણે હીસ્સો છે તેવુ જાહેર કરી, પાર્ટીશન કરી આપવા અને તે મુજબનુ હુકમનામુ કરી આપવા નીચેની અદાલતમાં માંગણી કરેલ. તેમજ સદર મકાન તથા દુકાન પ્રતિવાદી કોઈને ભાડે,બક્ષીસ, પેટા ભાડે, ટ્રાન્સફર કે એસાઈન કરે નહી તેવો કાયમી મનાઈ હુકમની માંગણી પણ કરેલી.

**(૭)..** સદર કામે રે.દિ.કેસ નં.૧૨/૨૦૦૫ ના કામના વાદીએ નીચેની અદાલતમાં દાવો દાખલ કર્યા બાદ પ્રતિવાદીઓને સમન્સ કરતા પ્રતિવાદી નં.૧ નાએ નીચેની અદાલત સમક્ષ દાવા કામે આંક–૨૧ થી લેખિત જવાબ/ વાંધા રજુ કરેલ છે જેમા મુખ્યત્વે જણાવેલ છે કે, વાદી જે સ્વરુપે દાવો લાવેલ છે તે ચાલવાપાત્ર નથી તેમજ વાદીને દાવાનો મુદતનો બાધ નડતો હોવાનુ તથા જરુરી પક્ષકારનો બાધ નડતો હોવાનું જણાવેલ છે. તેમજ ગુજરનાર વાલજીભાઈ રુડાભાઈના અન્ય વારસો અનીલાબેન તેમજ મુળીબેનને મુળ દાવાના કામે જોડેલ નથી. ગુજ.વાલજીભાઈની હયાતીમાં વાદી તથા પ્રતિવાદી નં.૧ અલગ અલગ રહેતા હોવાની હકીકત તેમજ વડીલોપાર્જીત મીલકતમાં ભેગા રહેતા હતા અને ગુજરનાર વાલજીભાઈ રુડાભાઈને વારસાઈ હકકથી એક મકાન તથા દાવાવાળી દુકાન આવેલ હોવાની તેમજ ગુજ. વાલજીભાઈ રુડાભાઈએ તેમની હયાતીમાં દાગીના વસાવેલ અને તેમને કેટલાક દાગીના વારસામા મળેલ તે તમામ હકીકતનો ઈન્કાર જવાબમાં કરેલ છે. વધુમાં જવાબમાં વાદીના જણાવ્યા મુજબ તમામ દાગીના પ્રતિવાદી નં.૨ પાસે છે તેમજ વલ્લભીપુર બસ સ્ટેન્ડ પાસે ફુલવાડી વીસ્તારમાં સર્વે નં.૪૫૮ મા એક પ્લોટ કે જેનો દસ્તાવેજ વાદીના કબજામાં છે અને તેનો ભાગ પાડવાનુ કહેવા છતા વાદી તેનો ભાગ પાડી આપતા નથી અને વાદી તથા પ્રતિવાદી નં.૧ ની સંયુકત માલીકીમાંથી એક બજાજ સ્કુટર તથા ઘરઘંટી, કલર ટીવી. વિગેરે તેમજ એક ફલેટ કે જે જીવરાજપાર્કમા મિતલ એપાર્ટમેન્ટમાં ખરીદેલો અને તે તમામમાં પ્રતિવાદીઓનો હીસ્સો છે અને તેમા ભાગ આપવો ન પડે તે માટે વાદીએ ખોટો દાવો કરેલ અને ફલેટના ઉપયોગ બદલ રુ.૨૦૦૦/– આપવા પણ વાદી જવાબદાર છે. તેમજ મુળીબેને પોતાનો હકક સોગંદનામાથી જતો કરેલ હોવાની હકીકતનો પણ ઈન્કાર કરેલ છે. સદર વારસાઈમાં વાદીને કોઈ ૧/૨ ભાગ મળવાપાત્ર નથી, પરંતુ ૧/૬ ભાગ કાયદેસર વાદીને પ્રાપ્ત થાય તેમ છે તેમ જણાવી વાદીનો દાવો રદ્દ કરવા અને સ્પેશીયલ કોષ્ટ અપાવવા જણાવેલ છે.

**(૭.૧)..** સદર જવાબ રજુ થતા વાદીએ આંક–૨૩ થી રી–જોઈન્ડર એફીડેવીટ રજુ રાખી તેમા જણાવેલ કે સને–૧૯૮૧, ૮૨ ના અરસામાં વાદી–પ્રતિવાદીના રસોડા અલગ

**હતા અને વાદીની સ્વતંત્ર આવક અલગ હતી અને તેમાથી અમદાવાદવાળુ મકાન ખરીદેલુ અને વલ્લભીપુર બસ સ્ટેન્ડ પાસે ફુલવાડી વીસ્તારમાં પ્લોટ પણ ખરીદેલો. પરંતુ પ્રતિવાદી નં.૧ કોઈ કામ ધંધો કરતા ન હોય અને નાના ભાઈ હોય તેથી લાગણીથી તેમનુ નામ સંયુકત રાખેલુ. તેમજ જણાવેલ છે કે, અગાઉ ભાવનગર કોર્ટમાં સ્પે.દિવાની દાવા નં.૧૨૭/૯૫ દાખલ થયેલ અને તેમા ફીકસ ડીપોઝીટ અંગે હીસાબ થઈ ગયેલ છે તે મતલબની રજુઆત કરેલી છે.**

**(૮).. નીચેની અદાલતનુ રેકર્ડ તપાસતા જણાય છે કે, ચાલુ દાવા દરમ્યાન પ્રતિવાદી નં.૨ નર્મદાબેન વાલજીભાઈ અવસાન પામતા વાદી દવારા તેઓની જગ્યાએ પ્રતિવાદી એટલે કે વાદીના બહેન અનીલાબેન જગદીશભાઈ તથા મુળીબેન ભૂપતરાયને પક્ષકાર તરીકે જોડેલ છે.**

**(૯).. દાવાના કામે નીચેની અદાલત દવારા રે.દિ.કેસ નં.૧૨/૨૦૦૫ ના કામે આંક–૩૮ થી કુલ ૧૪ મુદ્દાઓ ઘડવામાં આવેલ છે અને ત્યારબાદ બંને પક્ષકારોએ નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.**

**<u>વાદીનો મૌખિક પુરાવોઃ–</u>**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| (૧) | વાદી વશરામભાઈ વાલજીભાઈની જુબાની | ૪૧ |
| (૨) | અનિલાબેન વાલજીભાઈનું સોગંદનામું | ૫૫ |
| (૩) | મુળીબેન વાલજીભાઈનું સોગંદનામું | ૫૬ |

**<u>વાદીનો દસ્તાવેજી પુરાવો :–</u>**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| (૧) | વલ્લભીપુર સીટી સર્વે નં.૨૮૯૨ની પ્રોપર્ટી કાર્ડ | ૫૨ |
| (૨) | વલ્લભીપુર સીટી સર્વે નં.૨૩૧૩ની પ્રોપર્ટી કાર્ડ | ૫૩ |
| (૩) | વાલજીભાઈ રુડાભાઈનો મરણનો દાખલો | ૫૪ |
| (૪) | સંયુકત મીલકતની વહેચણી ખત | ૫૭ |

| | | |
|---|---|---|
| (૫) | નર્મદાબેન વાલજીભાઈના મરણનો દાખલો | ૫૮ |
| (૬) | પોષ્ટ ખાતાની સ્લીપ | ૫૯ |
| (૭) | રજી.એડી.ની સ્લીપ | ૬૦ |
| (૮) | વાદી તરફે કલોઝીંગ પુરસીસ. | ૯૦ |

**(૧૦).. જયારે પ્રતિવાદી તરફે નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.**

**<u>પ્રતિવાદીનો મૌખિક પુરાવોઃ–</u>**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| (૧) | પ્રતિવાદી નં.૧ નિર્મળભાઈ વાલજીભાઈની જુબાની | ૫૯ |
| (૨) | સાહેદ નં.ર જેરામભાઈ રામજીભાઈની જુબાની | ૭૯ |

**<u>પ્રતિવાદીનો દસ્તાવેજી પુરાવોઃ–</u>**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| (૧) | બેન્કે રજુ રાખેલ સ્ટેટમેન્ટ | ૮૦ |
| (૨) | સમાધાન નોંધવાની પુરસીસ રે.દિ.કે.નં.૧૨૭/૯૫ ના કામની | ૮૧ |
| (૩) | બેન્ક દવારા કોર્ટના હુકમ મુજબ રકમ ચુકવવામા આવેલ તે પહોંચ | ૮૨ |
| (૪) | વાદી–પ્રતિવાદીએ બેન્કને લખેલ પત્ર | ૮૩ |
| (૫) | પ્રતિવાદી તરફે કલોઝીંગ પુરસીસ. | ૧૦૨ |

**(૧૧).. નીચેની અદાલતે બન્ને પક્ષકારના વિ.વકીલશ્રીઓની લેખિત તેમજ મૌખિક દલીલો ,રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા ધ્યાને લઈ મુદ્દા નં. ૧,૨,૩,૪ હકારમા તેમજ મુદ્દા નં.૫,૬,૭ નકારમાં મુદા નં. ૮ અંશતઃ હકારાત્મક મુદા નં.૯,૧૦ નકારમાં મુદા નં.૧૧ હકારમાં અને મુદ્દા નં.૧૨,૧૩ નકારમાં તે રીતે આપી તા.૦૯/૦૭/૧૦ ના રોજ નીચેની અદાલત દવારા વાદીનો દાવો અંશતઃ મંજુર કરેલ જેનાથી નારાજ થઈ મુળ પ્રતિવાદી નં.૧ નાએ નીચેની અદાલતના હુકમ સામે હાલની અપીલ દાખલ કરેલ છે.**

**(૧૨).. હાલની અપીલના કામે અપીલવાળાના વિ.વકીલશ્રીએ અપીલના**

કામે આંક–૩૨ થી લેખિત દલીલ રજુ કરેલ છે. જેમા મુખ્યત્વે અપીલ મેમોમા જણાવેલ કારણો દર્શાવી એવી દલીલ કરવામા આવેલ છે કે વાદીનો દાવો સમય મર્યાદાની બહાર હોવા છતા નીચેની અદાલત દવારા દાવો સમય મર્યાદામા દાખલ કરેલ હોવાનુ માની ગંભીર ભુલ કરેલ છે. વધુમાં દલીલમાં જણાવેલ છે કે, વાદીએ દાવાના કામે તેમની બહેનને તેમના ગુજરનાર માતુશ્રીના વારસો તરીકે જોડેલ છે. પરંતુ તેમને અંગત કેપેસીટીમા જોડોલા નથી જેથી વાદીના દાવાને પક્ષકારોની ખામીનો બાધ નડતો હોવા છતા નીચેની અદાલતે વાદીને દાવાને પક્ષકારોનો બાદ નડતો નથી તેવુ ઠરાવી ગંભીર ભુલ કરેલ છે. બહેનો અનીલાબેન જગદીશભાઈ પરમાર અને મુળીબેન ભુપતરાય સોલંકીએ તેમના સ્થાવર જંગમ મીલકત પરના વારસાઈ હકકો વાદી અને પ્રતિવાદી નં.૧ ની તરફેણમાં જતા કરેલા નથી. જયારે અન્ય બહેન શારદાબેન બળવંતરાય વાઘેલાએ અને માતુશ્રી નર્મદાબેન વાલજીભાઈએ તેમના સ્થાવર જંગમ મીલકત પરના વારસાઈ હકકો મૌખિક રીતે વાદી અને પ્રતિવાદી નં.૧ ની તરફેણમા જતા કરેલ હોવાનુ ખરુ નથી. ઈન્ડીયન રજીસ્ટ્રેશન એકટની જોગવાઈઓ અનુસાર  રૂા.૧૦૦/– થી વધુ કીંમતની સ્થાવર–જંગમ મીલકતોની ફારગતિ માટે રજીસ્ટર્ડ દસ્તાવેજ કરવો જરુરી છે. સોગંદનામાથી કે મૌખિક રીતે આવા હકકો જતા થઈ શકે નહી અને હકકો જતા કર્યાનું ખરુ નથી. વાદીના પિતાશ્રી બે વડીલોપાર્જીત મીલકતો તેમના અવસાન  સમયે છોડતા ગયેલ હોવા સબંધે કોઈ તકરાર નથી પરંતુ વાદી જણાવે છે તેવો તેમનો વારસાઈ હકક આવેલાનુ ખરુ નથી. વધુમાં દલીલમાં જણાવેલ છે કે, વાદી અને પ્રતિવાદી નં.૧ નો મીલકતોમાં ૧/૨ હીસ્સો નહી પરંતુ ૧/૬ હીસ્સો થાય અને માતુશ્રીના અવસાન પછી ૧/૫ હીસ્સો/ભાગ થાય. આમ, જયારે બહેનોએ તેમના હકકો જતા કર્યાનું પુરવાર થતુ નથી ત્યારે વાદગ્રસ્ત મીલકતોમાં વાદી અને પ્રતિવાદી નં.૧ નો ૧/૨ અને ૧/૨ હીસ્સો હોવાનુ પુરવાર થતુ નથી. વધુમાં દલીલમાં જણાવેલ છે કે, વાદીનો દાવો મીલકત વિભાજનનો તા.૧૯/૧૨/૦૧ ના રોજ દાખલ કરેલાનુ જણાય છે અને ભારતીય સમય મર્યાદા અધિનિયમના આર્ટીકલ ૧૧૩ મુજબ દાવાનુ કારણ ઉત્પન્ન થયાની તારીખથી ત્રણ વર્ષમા કરવો જોઈએ. વાદીને દાવાનુ કારણ કયારે ઉત્પન્ન થયુ તેની કોઈ સ્પષ્ટના તેમની દાવા અરજીમાં કરવામા આવેલ નથી. આમ છતા, દાવા અરજી પારા–૬ મુજબ તેમનો વારસાઈ હકક નકકી ન કરી આપ્યો

તે તારીખથી અને નોટીસ આપ્યાની તારીખથી ઉત્પન્ન થયેલાનુ જણાવેલ છે. પરંતુ વાદીની આંક–૪૯ ની સોગંદ ઉપરની જુબાનીની ઉલટ તપાસ જોઈએ તો તેઓ જણાવે છે કે, મારા પિતાશ્રીનુ અવસાન ૧૯૮૨ મા થયેલુ ત્યારબાદ ૧૯૮૨,૮૩,૮૪,૮૫ થી મે મીલકતના વિભાજનની માંગણી કરેલી. તે વાત ખરી છે કે ૧૯૮૨–૮૩ મા મે વિભાજનની માંગણી કરી ત્યારે પ્રતિવાદી નં.૧ નાએ ના પાડેલી તે રીતે દાવો કરવાનુ કારણ ૧૯૮૨–૮૩ મા વાદીને મળેલુ આથી વાદીએ મોડામા મોડુ સને–૧૯૮૫,૮૬ ની સાલમાં દાવો કરવો જોઈએ તેમ કરવામાં આવેલ નથી અને દાવો છેક–સને–૨૦૦૧ ની સાલમાં કરવામા આવેલ છે. આથી દેખીતી રીતે દાવો સમય મર્યાદા બહારનો હોવા છતા નીચેની નામદાર અદાલતે દાવો સમય મર્યાદામાં કરેલ હોવાનુ ઠરાવી ગંભીર ભુલ કરેલ છે. તેમની વધુમાં દલીલમાં જણાવેલ છે કે, વાદીએ જયારે દાવો કર્યો ત્યારે ગુજ.વાલજીભાઈના વારસદારો પૈકી (૧) અનીલાબેન જગદીશભાઈ પરમાર અને (૨) મુળીબેન ભુપતરાય સોલંકીને દાવાના કામે જોડવામા આવેલ નહી. આટલુજ નહી પરંતુ આજ તારીખ સુધી તેઓને વ્યકિતગત હેસીયતથી કો–પાર્સનર તરીકે દાવાના કામે જોડવામાં આવેલ નથી. તેઓને માત્ર દાવાના ચાલતા કામે પ્રતિવાદી નં.૨ ગુજરી જતા તેમના વારસો તરીકે જોડેલા છે. આથી વાદીના દાવાને સ્પષ્ટપણે પક્ષકારોની ખામીનો બાધ નડે છે. તેમ છતા, નીચેની નામદાર અદાલતે તે મુદા અન્વયે પ્રતિવાદી પક્ષકારોની ખામીનો બાદ નડે છે તે હકીકત પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે તેવુ ઠરાવી ગંભીર ભુલ કરેલ છે. વધુમાં અપીલવાળા તેમની લેખીત દલીલમાં જણાવેલ છે કે, નીચેની અદાલત દવારા મુદા નં.૧૨ ને નકારમાં જવાબ આપી તેમજ પ્રતિવાદી તેમની નીચેની કોર્ટ સમક્ષ રજુ કરેલા જવાબના પારા–૧૧ મુજબ સંયુકત આવકમાંથી ખરીદેલ મીલકતમાંથી અડધો ભાગ વાદી પાસે માગવાથી વાદીએ દાવો દાખલ કરેલ. તે નહી માની નીચેની અદાલત દવારા ગંભીર ભુલ કરેલ છે. વધુમાં અપીલવાળાએ દલીલ કરતા જણાવેલ છે કે, સંયુકત મીલકતોનુ વિભાજન થઈ શકે તેમ નથી તથા આ બંને મીલકતો હાલ અપીલવાળાના કબજામાં છે તેવા સંજોગોમાં તમામ હીસ્સેદારોનો નાણાકીય મુલ્યાંકનમાં ૧/૫ ભાગ લેખે રૂા.૬૦,૦૦૦/– જે રકમ નામદાર કોર્ટ હુકમનામુ કરવાના નિર્ણય ઉપર આવે તો તેવા સંજોગોમાં અપીલવાળા વાદીને આપવા તૈયાર છે અને તે પ્રકારે વાદીનો હીસ્સો ખરીદવા અપીલવાળા તૈયાર હોય

નામદાર કોર્ટ આ પ્રકારનો નિર્ણય સી.પી.સી.ઓર્ડર–૨૧ રુલ–૭૨ અન્વયે કરવા નમ્ર અરજ કરેલ છે. વધુમાં દલીલ કરતા જણાવે છે કે, વાદીનો દાવો વિભાજનનો છે અને આ પ્રકારના દાવામાં સી.પી.સી.ઓર્ડર–૨૦, રુલ–૧૮ અન્વયે આખરી હુકમનામુ પસાર કરતા પહેલા પ્રાથમીક હુકમનામુ પસાર કરવા અરજ કરેલ છે અને અપીલવાળાની લેખીત દલીલ લક્ષમા લઈ નીચેની કોર્ટનો ઠરાવ તથા હુકમનામુ રદ્દ કરવા અરજ કરેલ છે.

(૧૩).. હાલની અપીલના કામે જોવામાં આવે તો, નીચેની અદાલત દવારા આંક–૩૮ થી કુલ ૧૪ મુદાઓ કાઢવામાં આવેલ છે તે ધ્યાને લેતા, જેમાંથી મુદા નં. ૧ થી ૮ ના મુદાઓને પુરવાર કરવાની જવાબદારી વાદીના શિરે તેમજ મુદા નં.૯ થી ૧૪ ના મુદાઓ પુરવાર કરવાની જવાબદારી પ્રતિવાદી ઉપર છે. જે મુદાઓના નિર્ણયની હાલની અપીલના કામે નીચેની અદાલત સમક્ષ બંને પક્ષ દવારા રજુ કરવામાં આવેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાને ધ્યાને લઈ નીચે મુજબ પુનઃમુલ્યાંકન કરવામાં આવે છે.

(૧૩.૧).. <u>મુદા નં.(૧)</u> પુરવાર કરવાનો બોજો વાદી ઉપર રહેલ છે કે દાવા અરજી પેરા નં.૧ માં જણાવેલ વારસો સિવાય ગુજરનાર વાલજીભાઈ રુડાભાઈ ગોહેલના અન્ય કોઈ વારસો નથી. નીચેની અદાલતનું રેકર્ડ જોતા, વાદીએ તેનો દાવો સૌપ્રથમ પ્રતિવાદી નં.૧ થી ૩ ને જોડીને કરેલો જેઓ વાદીના અનુક્રમે ભાઈ, માતા તથા શારદાબેન છે. વાદીની દાવા અરજીમાં જ તેમની અન્ય બે બહેનો અનીલાબેન તથા મુળીબેનનો ઉલ્લેખ કરેલ છે. તથા વાદીના માતા( પ્રતિવાદી નં.૨) ચાલુ કામે અવસાન પામતા ઉપરોકત બંને બહેનોને દાવાના કામે જોડેલ છે. આમ, ગુજરનાર વાલજીભાઈ રુડાભાઈ ગોહેલના વારસોમાં બે પુત્ર જેમા વાદી તથા પ્રતિવાદી નં.૧ તથા ત્રણ પુત્રીઓ એટલે કે શારદાબેન, મુળીબેન અને અનીલાબેન એમ ગુજરનાર વાલજીભાઈ રુડાભાઈ ગોહેલના કુલ પાંચ વારસો છે તેવુ જે તારણ નીચેની અદાલત દવારા આપવામાં આવેલ છે તે યોગ્ય અને વ્યાજબી છે.

(૧૩.૨).. <u>મુદા નં.૨,૩ તથા ૪</u> :–સદરહુ મુદાઓ વલ્લભીપુર સ્થિત મકાન

કે જેનો સીટી સર્વે નં.૨૮૯૨ તથા દુકાન કે જેનો સીટી સર્વે નં.૨૩૧૩ છે તે મીલકતો ગુજરનાર વાલજીભાઈ રુડાભાઈને વડીલોપાર્જીત વારસાઈ હકકથી મળેલ છે કે કેમ? તે બાબતના છે તથા મુદા નં.૪ ઉપરોકત વડીલોપાર્જીત મીલકતો બાબતે ગુજરનાર વાલજીભાઈ રુડાભાઈ ગોહેલે કોઈ વીલ કે વ્યવસ્થા કરી છે કે કેમ ? તે બાબતનો છે. વાદીના કથન મુજબ ઉપરોકત બંને મીલકતો ગુજ. વાલજીભાઈ રુડાભાઈની વડીલોપાર્જીત મીલકતો છે જેથી તેમા વાદીનો હીસ્સો હોવાની રજુઆત કરેલ છે.

(૧૩.૩).. ઉપરોકત મુદાઓને પક્ષકારો દવારા રજુ કરવામાં આવેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાના આધારે તપાસવામાં આવે તો, આંક–૫૭ થી વાદીએ વહેચણીખત રજુ કરેલ છે જે વહેચણી ખતમાં ગુજ. વાલજીભાઈ રુડાભાઈને ઉપરોકત બંને મીલકતો વહેચણીમાં મળેલ હોવાનું ફલીત થાય છે. તદ ઉપરાંત વાદીએ આંક–૫૨ અને આંક–૫૩ થી ઉપરોકત બંને મીલકતોના સીટી સર્વેના શેડયુલ રજુ કરેલ છે જેને ઘ્યાને લેતા તે સ્પષ્ટ થાય છે કે, સદર બંને મીલકતો ગુજ. વાલજીભાઈ રુડાભાઈના નામે નોંધાયેલ છે. વધુમાં પ્રતિવાદીએ પણ તેમની ઉલટ તપાસમાં ઉપરોકત બંને મીલકતો વડીલોપાર્જીત હોવાનુ સ્વીકારેલ છે. આમ, નીચેની અદાલત દવારા ઉપરોકત બંને મીલકતોને ગુજરનાર વાલજીભાઈ રુડાભાઈની વડીલોપાર્જીત મીલકતો હોવાનું જે તારણ આપી મુદા નં.૨,૩ ને હકારમાં આપેલ છે તે યોગ્ય, વ્યાજબી તેમજ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓને સુસંગત હોય, તેમા હસ્તક્ષેપ કરવો યોગ્ય જણાતુ નથી. તદ ઉપરાંત ગુજરનાર વાલજીભાઈ રુડાભાઈએ તેમની હયાતી દરમ્યાન તેમની મીલકતની કોઈ વ્યવસ્થા કરેલ હોય તેવો કોઈ પુરાવો બંને પક્ષકારો દવારા રજુ કરવામાં આવેલ નથી. વાદી તેમની ઉલટ તપાસમાં સ્વીકારે છે કે તેમના પિતાની હયાતી દરમ્યાન તમામ ભાઈઓ બહેનો એકત્રીત થયેલા હોય અને મીલકતની વ્યવસ્થા થયેલ હોય તેવુ બનેલ નથી. પ્રતિવાદી તરફે પણ તેમના પિતાની મીલકતની વ્યવસ્થા થયેલ હોય તેવો પુરાવો રજુ રાખતા ન હોય, તે સંજોગોમાં નીચેની અદાલત દવારા ગુજરનાર વાલજીભાઈ રુડાભાઈ બીન વસીયત કોઈપણ જાતની ઉપરોકત મીલકતોની વહેચણી કર્યા વગર અવસાન પામેલ છે તેવુ નીચેની અદાલતે ઠરાવેલ છે તે પણ યોગ્ય ન્યાયી અને વ્યાજબી છે તેમા કોઈ હસ્તક્ષેપ કરવો ન્યાયી

જણાતુ નથી.

(૧૩.૪).. <u>મુદા નં.૫</u> : વાદીના કથન મુજબ તેમના ગુજરનાર પિતાને વારસાઈ વહેચણીના સોના ચાંદીના દાગીનાઓ મળેલા અને આ દાગીના પ્રતિવાદી નં.૧ ના કબજામા છે. ઉપરોકત મુદા અનુસંધાને વાદી તેમની જુબાનીમાં ફકત આ બાબતે મૌખિક કથન કરેલ છે પરંતુ તેમની ઉલટ તપાસ જોતા દાગીના કેટલા હતા, કેવી રીતે અને કયા આધારે તેમના પિતાને મળેલા તે બાબતે વાદી દવારા કોઈ સચોટ દસ્તાવેજી પુરાવો રજુ રાખવામાં આવેલ નથી. વધુમાં વાદી દવારા તેના દાવામાં સદરહુ દાગીના બાબતે કોઈ દાદ કે ભાગ માટેની માંગણી પણ કરવામાં આવેલ નથી. જયારે પ્રતિવાદી નં.૧ નાએ તેમની જુબાનીમાં સ્પષ્ટપણે જણાવેલ છે કે તેમની પાસે તેમના માતા–પિતાના કોઈ સોના ચાંદીના છે નહી કે હતા નહી અને માતુશ્રી પાસે જે કાંઈ સોના ચાંદીના દાગીના હતા તે તેમના સ્ત્રીધનના દાગીના હતા. આમ, ઉપરોકત મુદા બાબતે વાદીના વિશ્વાસ પ્રેરક પુરાવાના અભાવે વાદી મુદા નં.૫ પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલા છે તેવુ નીચેની અદાલતનું તારણ પણ યોગ્ય અને ન્યાયોચિત હોય તેમા કોઈ હસ્તક્ષેપ કરવુ ઉચિત જણાતુ નથી.

(૧૩.૫).. <u>મુદા નં.૬ તથા ૭</u> : વાદીના કથન મુજબ તેમના બહેનોએ આંક–૫૫ અને આંક–૫૬ ના સોગંદનામા કરી આપી વાદગ્રસ્ત મીલકતમાંથી તેમનો હકક વાદી તથા પ્રતિવાદી નં.૧ ની તરફેણમાં જતો કરેલ છે. પરંતુ વાદી દવારા તે સોગંદનામા સિવાય અન્ય કોઈ પુરાવો રજુ કરેલ નથી અને પ્રતિવાદી બહેનોએ પણ આ કામે હાજર થઈ પુરાવો આપેલ નથી કે વાદીની સદરહુ હકીકતને સમર્થન પણ કરેલ નથી. વધુમાં નીચેની કોર્ટ સમક્ષ રજુ થયેલ ચુકાદાઓને ધ્યાને લેતા, જેમા ૧૯૯૯ (૧) સીવીલ કોર્ટ કેસીસ ૬૦૫ (પી એન્ડ એચ) તેમજ ૨૦૦૪ (૩) સીવીલ કોર્ટ કેસીસ–૧૬૩ (એમ.પી.) તથા અન્ય કેસ લો વંચાણે લેતા એ સ્પષ્ટ થાય છે કે, હકક જતો કરવા અંગેનું ડીડ રજીસ્ટર્ડ થયેલ હોવુ જોઈએ. વધુમા ઘરમેળે મીલકતની વહેચણી મૌખિક થઈ શકે છે. પરંતુ તેવી કોઈ મીલકતની વહેચણી અંગેની સમજૂતિ તમામ વારસો તેમજ વડીલોની હાજરીમાં થયેલ

હોય તેવો કોઈ પુરાવો વાદી દવારા રજુ થયેલ નથી અને જે સોગંદનામા વાદીએ રજુ કરેલ છે તે સોગંદનામાને પણ સાબીત માની શકાય તેમ નથી. તેમજ સોગંદનામાને સત્ય માની લેવામા આવે તો પણ માત્ર સોગંદનામા કરવાથી પ્રતિવાદી બહેનોનો હકક ચાલ્યો જતો નથી. આમ, નીચેની અદાલત દવારા મુદા નં.૬ નો જવાબ નકારાત્મક આપેલ તે યોગ્ય અને વ્યાજબી છે જેથી તેમા કોઈ હસ્તક્ષેપ કરવો યોગ્ય નથી અને તે મુજબ બહેનોએ હકક જતો કરેલાની હકીકત પુરવાર થતી ન હોય ત્યારે તે તમામ બહેનોનો પણ વાદગ્રસ્ત મીલકતમાં હીસ્સો રહેલો છે તેથી વાદીનો વાદગ્રસ્ત મીલકતમાં ૧/૨ હીસ્સો છે તેવુ પણ માની શકાય નહી તેવુ જે તારણ આપી મુદા નં.૭ ને નકારમાં આપેલ છે તેવુ નીચેની અદાલતે ઠરાવેલ છે જે યોગ્ય અને વ્યાજબી છે.

**(૧૪)..** <u>મુદા નં.૮</u> : મુદા નં.૮ જોવામા આવે તો વાદી માગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે? તે બાબતે જોવામા આવે તો, વાદી વાદગ્રસ્ત રહેણાકનુ મકાન અને દુકાનમાં તેમનો અને પ્રતિવાદી નં.૧ નો ૧/૨ હીસ્સો હોવાનુ જણાવે છે. પરંતુ ઉપરોકત મુદા નં.૧ માં ચર્ચા કર્યા મુજબ ગુજરનાર વાલજીભાઈ રુડાભાઈના કુલ છ વારસો હતા જેમાંથી ગુજરનાર વાલજીભાઈના પત્ની નર્મદાબેનનુ અવસાન થવાથી ગુજરનાર વાલજીભાઈ રુડાભાઈ ગોહેલના વારસોમાં બે પુત્ર જેમા વાદી તથા પ્રતિવાદી નં.૧ તથા ત્રણ પુત્રીઓ એટલે કે શારદાબેન, મુળીબેન અને અનીલાબેન એમ ગુજરનાર વાલજીભાઈ રુડાભાઈ ગોહેલના કુલ પાંચ વારસો છે. ઉપર મુદા નં.૬ તથા ૭ મુજબ બહેનોએ હકક જતો કરેલાની હકીકત પુરવાર થતી ન હોય ત્યારે તે તમામ બહેનોનો પણ વાદગ્રસ્ત મીલકતમાં હીસ્સો રહેલો છે તેથી વાદીનો વાદગ્રસ્ત મીલકતમાં ૧/૨ હીસ્સો છે તેવુ પણ માની શકાય નહી. પરંતુ ચોકકસપણે વાદગ્રસ્ત મીલકત પક્ષકારોની વડીલોપાર્જીત છે અને તેનો નિકાલ કરવા પ્રતિવાદીઓને સ્વતંત્ર રીતે કોઈ અધીકાર નથી ત્યારે વાદી મનાઈ હુકમ મેળવવા હકકદાર બને છે અને તેથી નીચેની અદાલત દવારા મુદા નં.૮ નો નિર્ણય જે અંશતઃ હકારમાં આપેલ છે તે યોગ્ય અને વ્યાજબી છે તેમા કોઈ હસ્તક્ષેપ કરવો યોગ્ય જણાતુ નથી.

**(૧૫).. <u>મુદા નં.૯ થી ૧૩</u> : સદરહુ મુદા નં.૯ થી ૧૩ પુરવાર કરવાનો બોજો પ્રતિવાદીઓ ઉપર રહેલ છે. મુદા નં.૯ વાદીના દાવાને મુદતનો બાધ નડે છે કે કેમ? તે બાબતનો છે. પ્રતિવાદી દવારા એવો બચાવ લેવામા આવેલ છે કે વાદીના દાવાને મુદતનો બાધ નડે છે. પ્રતિવાદીના કથન મુજબ ગુજરનાર વાલજીભાઈ રુડાભાઈ સને–૧૯૮૨ ની સાલમાં અવસાન પામેલ છે અને ત્યારથી સમય મર્યાદા અધિનિયમ આર્ટીકલ–૧૧૩ મુજબ દાવાનુ કારણ ઉત્પન્ન થયેથી ત્રણ વર્ષમા દાવો કરવો જોઈએ. વાદીએ પ્રતિવાદીઓને નોટીસ પાર્ટીશન માટે તા.૨૭/૯/૦૧ થી આપેલી છે ત્યારથી ગણી શકાય નહી. વધુમાં વાદીએ ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે જેઓએ સને–૧૯૮૨ થી ૧૯૮૫ માં મીલકતના વિભાજનની માંગણી કરેલી અને પ્ર તિવાદીએ ના પાડેલી તેથી ત્યારથી કારણ ઉત્પન્ન થયુ હોવાનુ ગણી શકાય નહી અને તેથી સમય મર્યાદા બહારનો છે તેવી રજુઆત કરેલ છે.**

**(૧૫.૧).. સમય મર્યાદા અધિનિયમ આર્ટીકલ–૧૧૩ વંચાણે લેતા, એ સ્પષ્ટ થાય છે કે જયારે કોઈ અરજી કે વિષય વસ્તુ માટે સમય મર્યાદા નકકી કરવામાં આવેલ ન હોય, ત્યારે આર્ટીકલ–૧૧૩ મુજબ કારણ ઉત્પન્ન થયેથી ત્રણ વર્ષમાં સમય મર્યાદા ગણવાની રહે છે. પરંતુ આર્ટીકલ–૬૫ ની જોગવાઈ મુજબ મીલકતનો કબજો કે હકક મેળવવા માટેના દાવામા સમય મર્યાદા બાર વર્ષની છે. વધુમાં પ્રતિવાદી નં.૨ (અ) અને પ્રતિવાદી નં.૨(બ) ના સોગંદનામાં જે આ કામે આંક–૫૫ અને ૫૬ થી રજુ થયેલ છે તે સોગંદનામા સને–૧૯૯૧ ની સાલમાં કરવામાં આવેલ છે. જેનાથી એ બાબતે સ્પષ્ટ થાય છે કે સને–૧૯૯૧ સુધી સદર વાદગ્રસ્ત મીલકત વિભાજન કરવા અંગેની કાર્યવાહી અસ્તિત્વમાં હતી. આમ, સને–૧૯૯૧ થી સમય મર્યાદા જો ગણીએ તો, બાર વર્ષના સમયથી આ દાવો સને–૨૦૦૧ ની સાલમાં દાખલ થયેલ છે ત્યારે પણ દાવો સમય મર્યાદામાં દાખલ થયેલ છે. વધુમાં વાદી દવારા પ્રતિવાદીને વિભાજનની માંગણી કરતી નોટીસ આપવામાં આવેલી છે ત્યારે અને તે નોટીસનો પ્રતિવાદીએ જવાબ પણ આપેલો છે ત્યારે તે સમય દરમ્યાનથી પણ દાવો કરવાને કારણ ઉત્પન્ન થયેલ છે તે માની શકાય તેમ છે. આમ, વાદીનો દાવો સમય મર્યાદા બહારનો છે તેવી પ્રતિવાદીની દલીલ અને રજુઆત સ્વીકારવા પાત્ર ન**

જણાતી હોય અને પ્રતિવાદી તે સાબીત કરવામાં નિષ્ફળ નિવડેલ હોય, નીચેની અદાલતે મુદા નં.૯ નો જવાબ નકારમાં આપેલ છે તે યોગ્ય અને વ્યાજબી જણાય છે.

(૧૬).. <u>મુદા નં.૧૦</u> : મુદા નં.૧૦ જોવામા આવે તો તે વાદીના દાવાને પક્ષકારોનો બાધ નડે છે કે કેમ? તે બાબતે છે. પ્રતિવાદીના કથન મુજબ વાદીએ દાવામાં ગુજરનાર વાલજીભાઈ રુડાભાઈના તમામ વારસોને પક્ષકારો તરીકે જોડેલા નથી અને તેથી વાદીના દાવાને પક્ષકારોનો બાધ નડે છે. વધુમાં પ્રતિવાદીની રજુઆત છે કે, વાલજીભાઈ રુડાભાઈની પુત્રીઓ અનીલાબેન તથા મુળીબેનને આ કામે પક્ષકાર તરીકે જોડેલા નથી. સદરહુ બાબતે સમગ્ર રેકર્ડ અને પુરાવાને જોતા એ બાબત સ્પષ્ટ થાય છે કે, વાદીએ દાવો દાખલ કરતા સમયે અનીલાબેન તથા મુળીબેનને પક્ષકાર તરીકે જોડવામા આવેલ ન હતા. પરંતુ વાદીના કથન મુજબ તે બંને બહેનોએ મીલકત ઉપરથી તેમનો હકક જતો કરેલ હોય તેમને દાવામાં પક્ષકાર તરીકે જોડેલ ન હતા. પરંતુ ચાલુ દાવાના કામે પ્રતિવાદી નં.ર નર્મદાબેન વાલજીભાઈ અવસાન પામતા, તેમના વારસ દરજજે અનીલાબેન તથા મુળીબેન ને પક્ષકાર તરીકે જોડવામાં આવેલ છે અને તેઓએ દાવાના કામે હાજર થઈ વાંધા કે જવાબ રજુ રાખેલ નથી. આમ, દાવો દાખલ કરતા સમયે મુળીબેન અને અનીલાબેન પક્ષકાર ન હતા પરંતુ ત્યારબાદ દાવામાં જરુરી તમામ પક્ષકારોને દાવામાં જોડેલ છે. આમ, જયારે ગુજરનાર વાલજીભાઈ રુડાભાઈના તમામ વારસદારો રેકર્ડ ઉપર પક્ષકાર તરીકે હોય, વાદીના દાવાને પક્ષકારોની ખામીનો બાધ નડે છે તેમ કહી શકાય નહી તેવુ જે નીચેની અદાલતે ઠરાવી મુદા નં.૧૦ નો જવાબ નકારમાં આપેલ છે તે યોગ્ય અને વ્યાજબી છે.

(૧૭).. <u>મુદા નં.૧૧</u>: શું પ્રતિવાદી સાબીત કરે છે કે દાવાવાળી મીલકતમાં વાદીનો ૧/૬ ભાગ થાય છે ? તે મુજબ જોવામા આવે તો, પ્રતિવાદીના કથન મુજબ વાદગ્રસ્ત મીલકતની અંદર પ્રતિવાદીઓ તેમજ વાદી એમ કુલ છ વ્યકિતઓ ગુજરનાર વાલજીભાઈ રુડાભાઈના વારસો હતા. પરંતુ ચાલતા દાવાના કામે પ્રતિવાદી નં.ર નર્મદાબેન વાલજીભાઈ અવસાન પામેલ છે અને તે સ્થિતિમા વાદી અને પ્રતિવાદીઓ મળી

કુલ પાંચ વ્યકિતઓ ગુજરનાર વાલજીભાઈ રુડાભાઈના વારસો રહે છે. આમ, તે દરેક વારસને ૧/૫ લેખે ગુજરનાર વાલજીભાઈ રુડાભાઈના વારસો દરજજે વાદગ્રસ્ત મીલકતમાંથી હીસ્સો મળે. આમ, વાદી વાદગ્રસ્ત મીલકતમાં ૧/૫ હીસ્સો ધરાવે છે નહી કે ૧/૬. આમ નીચેની અદાલત દવારા મુદા નં.૧૧ ને હકારમાં ઠેરવી વાદીનો ૧/૬ હીસ્સો નહી પરંતુ ૧/૫ હીસ્સો છે તેવુ જે ઠરાવેલ છે તે યોગ્ય અને વ્યાજબી છે.

(૧૮).. <u>મુદા નં.૧૨</u> : શું પ્રતિવાદી સાબીત કરે છે કે, જવાબના પારા–૧૧ મુજબ સંયુકત આવકમાંથી ખરીદેલ મીલકતમાંથી ૧/૨ ભાગ વાદી પાસે માંગવાથી વાદીએ હાલનો દાવો કરેલ છે ? સદરહુ તકરાર બાબતે જોવામા આવે તો, પ્રતિવાદી નં.૧ ના જણાવ્યા પ્રમાણે વાદી જયારે અલગ થયા ત્યારે તેમની પાસે કોઈ સ્વતંત્ર આવક હતી નહી અને વાદી જે અમદાવાદના ફલેટમા રહે છે તે વલ્લભીપુરના મજીયારામાંથી ખરીદેલ ફલેટ છે અને તે વાદીની માલીકીનો નથી પરંતુ તે ફલેટ સંયુકત મજીયારાનો હોવા છતા નીચેની અદાલતે સદરહુ મુદાનો જવાબ નકારમાં આપી ગંભીર ભુલ કરેલ છે. પરંતુ આ બાબતે રજુ થયેલ પુરાવાઓ જોવામા આવે તો, પ્રતિવાદીના મૌખિક કથન સિવાય પ્રતિવાદીઓએ ઉપરોકત મુદા બાબતે કોઈપણ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ નથી. અગર તો ઈસ્યુ નં.૧૨ સાબીત કરવા કોઈ સાક્ષી તપાસેલ નથી. તથા આ કામના વાદીએ તેમની સરતપાસમાં જણાવ્યા મુજબ તેઓ સને–૧૯૮૦ ની સાલથી અલગ રસોડામા રહેવા આવેલ અને ત્યારબાદ વાદીની સરકારી નોકરી હોય, શહેર અમદાવાદ મુકામે રહેવાનુ શરુ કરેલ અને તેઓની સરકારી નોકરીની આવકમાંથી તેમજ અંગત બચતમાંથી તેઓએ શહેર અમદાવાદવાળી મીલકતનો ફલેટ તેઓની અંગત આવકમાંથી ખરીદેલ છે જે વાદીની સ્વતંત્ર માલીકીની મીલકત છે તથા તે મીલકત પક્ષકારોના કુટુંબની સંયુકત આવકમાંથી ખરીદેલ નથી. તદ ઉપરાંત પ્રતિવાદી એવુ સાબીત કરી શકેલ નથી કે શહેર અમદાવાદ આવેલ મીલકત સંયુકત માલીકીની છે તથા તે લગતા કોઈપણ પુરાવા પ્રતિવાદી નં.૧ નાએ રજુ કરેલ નથી. અગર તો બાકીના અન્ય પ્રતિવાદીઓ પણ પ્રતિવાદી નં.૧ ના આ કથનને કોઈ પ્રકારે સમર્થન આપતા નથી કે તેવો કોઈ પુરાવો રજુ કરતા નથી. આ સંજોગોમાં પ્રતિવાદી નં.૧ કે અન્ય પ્રતિવાદીઓ મુદા નં.૧૨ સાબીત

કરવામાં નિષ્ફળ ગયેલ છે તેવુ જે તારણ નીચેની અદાલતે આપેલ છે તે યોગ્ય અને વ્યાજબી છે. વધુમાં પ્રતિવાદીનો બચાવ એવો છે કે, તેમણે વાદીના અમદાવાદ વાળા ફ્લેટમાં અડધા ભાગની માંગણી કરતા વાદીએ દાવો દાખલ કરેલ છે. પરંતુ પ્રતિવાદીએ કયારે તે અડધા હીસ્સાની અને કેવી રીતે માંગણી કરેલી અને નોટીસ આપેલી કે કેમ? તે અંગેનો કોઈ પુરાવો પ્રતિવાદીએ રજુ રાખેલ નથી. આમ, જયારે પ્રતિવાદી દવારા રજુ થયેલ પુરાવા ઉપરથી સદર મુદા અંગે પ્રતિવાદીએ કોઈ ઠોસ અને વિશ્વાસપ્રેરક પુરાવો રજુ રાખેલ ન હોય, નીચેની અદાલતનું મુદા નં.૧૨ અન્વયે આપેલ તારણ યોગ્ય અને વ્યાજબી છે.

(૧૯).. મુદા નં.૧૩ : શું પ્રતિવાદી સાબીત કરે છે કે વાદીએ પુરતી કોર્ટ ફી સ્ટેમ્પ ભરેલ નથી. આ મુદા પરત્વે જોવામા આવે તો, વાદીએ સ્પષ્ટપણે જણાવેલ છે કે, દાવાવાળી મીલકતની બજાર કીંમત આશરે રુપીયા ત્રણ લાખ થાય છે જેમાં વાદીનો ૧/૨ વારસાઈ હકક પોસાતો હોય રુપીયા દોઢ લાખના તેમના વારસાઈ હીસ્સાની કીંમત ગણી તે મુજબ કોર્ટ ફી સ્ટેમ્પ વાદીએ રજુ રાખેલ છે. આ કામના પ્રતિવાદીઓ દાવાવાળી મીલકતની કીંમત બાબતે કોઈ પુરાવો રજુ કરી શકેલ નથી. તેથી આવા સંજોગોમાં વાદીએ પુરતો કોર્ટ ફી સ્ટેમ્પ ભરેલ છે તથા પ્રતિવાદી ઈસ્યુ નં.૧૩ સાબીત કરવામાં નિષ્ફળ ગયેલ છે તેવુ જે નીચેની અદાલતે તારણ આપેલ છે તેમા કોઈ હસ્તક્ષેપ કરવો જરુરી જણાતો નથી.

(૨૦).. આમ, ઉપરોકત સમગ્ર ચર્ચા કર્યા મુજબ વાદી વલ્લભીપુર મુકામે આવેલ સીટી સર્વે નં.૨૮૯૨ રહેણાકનુ મકાન તથા પીપળાવાળી શેરીના નાકે આવેલ સર્વે નં.૨૩૧૩ વાળી દુકાનમાં તેમનો વારસાઈ હીસ્સો છે તે અંગેનું ડેકલેરેશન અને વિભાજનની માંગણી લાવેલ છે. સદર મીલકતમાં વાદીનો ૧/૫ હીસ્સો છે તેમ ઉપરોકત તમામ મુદાઓના નિર્ણય પરથી સાબીત થાય છે. રહેણાકની મીલકત મકાન એ ૭૫.૮૬ ચો.મી. છે અને દુકાન ૧૩.૦૫ ચો.મી. છે. સદર બંને મીલકતનાં ૧/૫ હીસ્સો કરવો એ શકય જણાતુ નથી. વધુમાં વાદીએ પોતે પણ તેમની ઉલટ તપાસમાં સદર

બંને મીલકતના તે પ્રમાણેના ભાગ પાડી શકાય તેમ નથી તેમ વાદીએ સ્વીકારેલ છે અને મીલકતનું ક્ષેત્રફળ જોતા પણ તે સમજી શકાય તેમ છે, કે મીલકતના પાંચ ભાગ કરવા એ શકય જણાતુ નથી. માની લેવામા આવે કે પાંચ ભાગ કરવામાં આવે તો પણ મીલકતનો ઉપયોગ અને કીંમત બંને ઘટે તેમ છે ત્યારે મીલકતના ભાગ પાડવા ઉચિત અને ન્યાયના હીતમાં જણાતુ નથી. ધી પાર્ટીશન એકટ–૧૮૯૩ ની કલમ–૨ અને ૩ વંચાણે લેતા જયારે મીલકતનું વિભાજન શકય ન હોય અથવા તો અદાલતને વિભાજન નહી કરતા તેનું વેચાણ કરી તે પ્રમાણે વિભાજન કરવાથી પક્ષકારોના હીતમાં રહેશે તેમ જણાય અથવા તો કોઈ એક હીસ્સેદાર અન્યનો હીસ્સો ખરીદી લેવાની તૈયારી બતાવતા હોય તો તેવા સંજોગોમાં અદાલત મીલકતનું પાર્ટીશનનું હુકમનામુ ન કરતા તેની કીંમતનું મુલ્યાંકન કરી અથવા કરાવી કોઈપણ એક પક્ષકાર તૈયાર હોય તેને વિભાજન માંગનારના હીસ્સાની ખરીદી કરવાની પરવાનગી આપી શકે તેમજ સિવીલ પ્રોસીઝર કોડના ઓર્ડર–૨૦, નિયમ–૧૮ વંચાણે લેતા, તેમા પણ અદાલતને યોગ્ય જણાય તેવી જરુરી સુચના આપી અને મીલકતનુ વિભાજન કે તેનો નિકાલ કરવાની વ્યવસ્થા કરી શકે. વળી આ કામમાં પ્રતિવાદી નં.૧ ના તરફે નીચેની અદાલત સમક્ષ રજુ થયેલ આંક–૧૦૧ ની લેખીત દલીલમાં તથા અપીલના કામે આંક–૩૨ થી રજુ કરેલ તેમની લેખીત દલીલમાં મીલકતનુ વિભાજન થઈ શકે તેમ ન હોવાથી પ્રતિવાદી નં.૧ એટલે કે અપીલવાળા વાદીના હીસ્સે આવતી મીલકતની કીંમત બરાબરની રકમ નામદાર કોર્ટમાં જમા કરાવવા પણ તૈયારી દર્શાવેલ છે. આ તમામ હકીકતો ધ્યાને લેતા અને નામદાર આંધ્રપ્રદેશ હાઈકોર્ટનાં ૧૯૯૯ (૨) એ.એલ.ડી. ૨૭૨ માં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતને ધ્યાને લેતા તેમજ દાવાવાળી મીલકતનુ વિભાજન પાંચ ભાગમાં કરવુ શકય જણાતુ ન હોય, તેથી સદર મીલકતના વાદી તથા પ્રતિવાદીઓને સાંભળી અને સક્ષમ ઓથોરીટી દવારા કીંમત નકકી કરવામાં આવે ત્યારબાદ તે કીંમતને ધ્યાને લઈ જો પ્રતિવાદી નં.૧ એટલે કે હાલના અપીલવાળા કે અન્ય કોઈ કે વાદી અન્યના હીસ્સા ખરીદવા માંગતા હોય તો તે પ્રમાણેની પક્ષકારો વચ્ચે હરરાજી કરી પ્રથમ મીલકતનો નિકાલ કરવો અને જો તેમ શકય ન હોય તો, જાહેર હરરાજી દવારા બંને મીલકતોની કીંમત વસુલ કરી અને વાદીને તેમનો હીસ્સો આપવો તેવો હુકમ કરવાથી ન્યાયનો હેતુ જળવાશે તેમ ઠરાવી વાદીનો દાવો અંશતઃ મંજુર

કરવાનો જે હુકમ નીચેની અદાલત દવારા કરવામાં આવેલ છે તે યોગ્ય અને વ્યાજબી છે.

(૨૧).. આમ, નીચેની અદાલત દવારા તેમની સમક્ષ રજુ થયેલ દાવાની હકીકત તથા મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ તથા નામદાર ઉચ્ચ અદાલતોના ચુકાદાઓ નજર સમક્ષ રાખી, દાવા અન્વયે તમામ મુદાઓ અન્વયે જે પોતાના તારણો આપેલ છે તે યોગ્ય અને કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંતોને અનુરુપ હોય, તેમા કોઈ હસ્તક્ષેપ કરવાનુ ન્યાયી જણાતુ ન હોય, ટ્રાયલ કોર્ટના હુકમમાં કોઈ હસ્તક્ષેપ કરવો જરુરી નહી જણાતા સદર અપીલ નામંજુર કરી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–: હુ ક મ :–**

(૧) અપીલવાળાની અપીલ આથી નામંજુર કરવામાં આવે છે.

(૨) રે.દિ.કે.નં.૧૨/૨૦૦૫ ના કામે વાદીનો દાવો ટ્રાયલ કોર્ટ દવારા તા.૦૯/૦૭/૨૦૧૦ ના રોજ વાદીનો દાવો અંશતઃ મંજુર કરતો જે હુકમ કરેલ છે તે યથાવત રાખવા હુકમ કરવામાં આવે છે.

(૩) ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

(૪) હુકમ મુજબ હુકમનામુ દોરવું.

(૫) આ હુકમની એક નકલ સાથે રે.દિ.કે.નં.૧૨/૨૦૦૫ નું કામ ટ્રાયલ કોર્ટને પરત કરવું.

આજ તારીખ–૨૮–માહે–ફેબ્રુઆરી–સને ૨૦૧૯ ના રોજ ખુલ્લી અદાલતમાં હુકમ વાંચી, સંભળાવી જાહેર કર્યો.

ભાવનગર, ( શુભદા કૃષ્ણકાંત બક્ષી )

તા.૨૮–૦૨–૨૦૧૯ પ્રીન્સીપલ ડીસ્ટ્રીકટ જજ,ભાવનગર

(જજ કોડ નં. જી.જે.૦૦૩૭૭)

(બી.બી.ગોસાઈ)